
# અંતિમ ચરણમાં પણ વિક્રમી મતદાન

## ૧૬મી લોકસભામાં ૬૬.૩૮ ટકાનું વિક્રમી મતદાન નોંધાયું : મોદી અને કેજરીવાલ સહિત ઉમેદવારોના ભાવિ સીલ : વારાણસીમાં ૫૫ ટકાથી વધુ સહિત યુપીમાં પણ ઉંચુ મતદાન : હિંસાના છુટા છવાયા બનાવો

નવી દિલ્હી, તા.૧૨

ત્રણ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૪૧ બેઠકો ઉપર પર



હિંસાની કેટલીક ઘટનાઓ વચ્ચે ઉંચુ મતદાન થયું હતું જેથી નવો રેકોર્ડ પણ સર્જાયો હતો. ૧૬મી લોકસભાની ચૂંટણીમાં રેકોર્ડ ૬૬.૩૮ ટકા મતદાન થયું છે જે પ્રથમ વખત આટલું ઉંચુ મતદાન દર્શાવે છે. આજે ત્રણ રાજ્યોને આવરી લેતી લોકસભાની ૪૧ બેઠકો ઉપર ઉંચુ મતદાન થતાંની સાથે જ લાંબી કવાયત પુરી થઈ હતી. ઉત્તરપ્રદેશમાં ૫૫-૬૦ટકા વચ્ચે મતદાન થયું હતું. જ્યારે હાઈપ્રોફાઈલ ગણાતી વારાણસી બેઠક ઉપર ૫૫ ટકાથી પણ વધુ મતદાન થયું હતું. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં રેકોર્ડ ૮૦ ટકાથી વધુ મતદાન થયું હતું. બિહારની છ બેઠકો ઉપર ૬૦ ટકાથી વધુ મતદાન થયું હતું. અગાઉ આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. તમામ મતદાન મથકોમાં લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. ૪૧ બેઠકો પર લોકસભાની ચૂંટણીને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ ગોઠવી દેવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા હતા. છતાં કેટલીક જગ્યાઓએ હિંસાના બનાવ બન્યા હતા. હજુ સુધી તમામ તબક્કામાં ઉંચા મતદાનના કારણે છેલ્લા તબક્કામાં પણ ઉંચું મતદાન થયું હતું. તમામની નજર વારાણસીમાં યોજાનાર મતદાન ઉપર કેન્દ્રિત રહી હતી. અહીં અગાઉની ચૂંટણીની સરખામણીમાં વધારે મતદાન થયુંહતું. વારાણસી બેઠક ઉપર આજના મતદાનની સાથે જ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, કોંગ્રેસના ઉમેદવાર અજય રાય અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા માત્ર વારાણસીમાં જ નહીં બલ્કે દેશના અન્ય જે રાજ્યોમાં મતદાન થયું હતું. તમામ જગ્યાએ પણ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી. આજના અંતિમ તબક્કાના મતદાનની સાથે જ ૬૦૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. અંતિમ તબક્કા માટે પ્રચારનો અંત આવ્યા બાદ ભારે સસ્પેન્સની સ્થિતી હતી. ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તમામ પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જુદી જુદી જગ્યાઓએ પ્રચારમાં ભાગ લીધો હતો. બીજી બાજુ રાહુલ ગાંધીએ વારાણસીમાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. મમતા બેનરજીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો. સપા અને બસપાના ઉમેદવારો પણ જોરદાર રીતે પ્રચારમાં ભાગ લીધો હતો. આજે ઉત્તરપ્રદેશની વારાણસી સહિતની ૧૮ બેઠકો, પશ્ચિમ બંગાળની ૧૭ અને બિહારની છ બેઠકો માટે મતદાન થયું હતું. આ હિન્દી પટ્ટામાં ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ માટે સૌથી મહત્વપૂર્ણ રહી હતી.

# વડાપ્રધાન ૧૭મીએ તેમની છેલ્લી કેબિનેટ બેઠક યોજશે

## મનમોહનસિંહ ૧૦ વર્ષ સુધી વડાપ્રધાન રહ્યા : લોકસભા માટે ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક દિવસ બાદ ૧૭મીએ વડાપ્રધાન હોદ્દો છોડવા ઈચ્છુક

નવીદિલ્હી, તા.૧૨

વડાપ્રધાન મનમોહનસિંહ યુપીએ સરકારના વડા તરીકે ૧૦ વર્ષ સુધી રહ્યા બાદ હોદ્દો છોડતા પહેલા ૧૭મી મેના દિવસે તેમની છેલ્લી કેબિનેટ બેઠક યોજશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વડાપ્રધાન લોકસભાની ચૂંટણી માટેના પરિણામો જાહેર થયાના એક દિવસ બાદ ૧૭મી મેના દિવસે હોદ્દો છોડશે. મનમોહનસિંહ આ વર્ષની શરૂઆતમાં જ તેમની નિવૃત્તિની જાહેરાત કરી ચુક્યા છે. સતત બે વખત યુપીએ સરકારનું પ્રતિનિધિત્વ કર્યા બાદ એક દશકના લાંબાગાળા બાદ તેઓ હોદ્દો છોડનાર છે. ત્રીજી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે વડાપ્રધાને તેમની છેલ્લી પત્રકાર પરિષદ યોજી હતી. ૧૦ વર્ષના ગાળામાં વડાપ્રધાનની આ માત્ર ત્રીજી પત્રકાર પરિષદ હતી. આ પત્રકાર પરિષદમાં જ મનમોહનસિંહે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની પણ જાહેરાત કરી હતી. મનમોહનસિંહે નિવૃત્તિ બાદ હજુ સુધી કોઈ રજાની જાહેરાત પણ કરી નથી. વડાપ્રધાન હોદ્દો છોડતા પહેલા દેશને સંબોધન કરવાની પણ યોજના ધરાવે છે. મનમોહનસિંહ ભારતના ૧૩માં વડાપ્રધાન બન્યા હતા. મનમોહનસિંહ મોટાભાગે સતત સક્રિય રહ્યા છે. રાજ્યસભાના સભ્ય તરીકે પણ રહ્યા છે. ગયા વર્ષે રાજ્યસભા માટે વધુ છ વર્ષ માટે તેઓ ચુંટાઈ આવ્યા હતા.



૧૯૯૧ બાદથી સતત પાંચ વખત રાજ્યસભાના સભ્ય તરીકે તેઓ રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં જ ૮૧ વર્ષીય નેતાએ કહ્યું છે કે, તેઓ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા ઈચ્છુક નથી. વડાપ્રધાનની આ જાહેરાત બાદ એવી ચર્ચા હતી કે, રાહુલ ગાંધીને વડાપ્રધાન તરીકે જાહેર કરવામાં આવશે પરંતુ કોંગ્રેસે વડાપ્રધાન પદ માટે રાહુલના નામની જાહેરાત કરી ન હતી. મે ૨૦૦૪ બાદથી ઓક્સફોર્ડ અને કેમ્બ્રિજમાંથી શિક્ષણ મેળવી ચુકેલા મનમોહનસિંહ વડાપ્રધાન તરીકે રહ્યા છે.

# રેકોર્ડ તેજી : સેંસેક્સમાં વધુ ૫૫૭ પોઈન્ટનો ઉછાળો

## છેલ્લા બે કારોબારી સેશનમાં સેંસેક્સમાં ૧૨૦૭ પોઇન્ટનો ઉછાળો : સેંસેક્સે ૨૩૦૦૦ની અને નિફ્ટીએ ૭૦૦૦ની સપાટી કૂદાવી : શેરબજાર અને અન્ય સંબંધિત બજારમાં નવી આશા : જોરદાર લેવાલીથી તેજીનો માહોલ

મુંબઈ, તા.૧૨

એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા શેરબજારમાં જોરદાર તેજીનું મોજુ અકબંધ રહ્યું છે. દેશના શેરબજારમાં આજે પણ રેકોર્ડ તેજી જોવા મળી હતી. સતત બીજા દિવસે સેંસેક્સ અને નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટીએ રહ્યા હતા. સેંસેક્સમાં કારોબારના અંતે ૫૫૭ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો જેથી તેની સપાટી ૨૩૫૫૧ સુધી પહોંચી ગઈ હતી. સેંસેક્સે ૨૩૦૦૦ની સપાટી કુદાવી દીધી હતી જ્યારે નિફ્ટી ૧૫૫ પોઈન્ટ સુધરીને ૭૦૧૪ની સપાટીએ પહોંચ્યો હતો. સેંસેક્સે ૨૩૦૦૦ની અને નિફ્ટી ૭૦૦૦ની સપાટી કૂદાવી દીધી હતી. વિદેશી મૂડીપ્રવાહમાં તેજી અકબંધ રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. પ્રથમ વખત નિફ્ટીએ ૭૦૦૦ની સપાટી કૂદાવી હતી. ઓઈલ એન્ડ ગેસ, પબ્લિક સેક્ટર, બેંક અને કેપિટલ ગુડ્ઝ બનાવનાર કંપનીઓના શેરમાં તેજી નોંધાઈ હતી. કારોબાર દરમિયાન નિફ્ટી ૧૪૧ પોઈન્ટ સુધરીને અથવા તો ૨.૦૬ ટકા ઉછળી ૭૦૦૦થી ઉપરની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ આજે ૭૦૨૦ની સપાટી મેળવી હતી. ઓલટાઈમ હાઈ સપાટી કુદાવી લીધી હતી. લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં ૩.૩ ટકાનો અને એસબીઆઈમાં ૩.૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. આ અગાઉ કારોબાર દરમિયાન ૯મી મેના દિવસે નિફ્ટીએ ૬૮૭૧ની સપાટી મેળવી હતી. કારોબારીઓના જણાવ્યા મુજબ એક્ઝિટ પોલના પરિણામ ખુબ સારા રહી શકે છે. આજે જોરદાર લેવાલી જામી હતી. યુરોપિયન બજારમાં તેજી સાથે શરૂઆત અને અન્ય એશિયન બજારોમાં મજબૂત પ્રવાહ વચ્ચે કારોબારમાં તેજી જોવા મળી હતી. જે પ્રમુખ શેરથી નિફ્ટીમાં તેજી નોંધાઈ હતી તેમાં અલ્ટ્રા સિમેન્ટ, કોલ ઈન્ડિયા, એચડીએફસી બેંક, આઈટીસી, ગેલ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રી, હિરો મોટોકોર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ઓએનજીસી, એસબીઆઈ, એક્સિસ બેંક, મારુતિ, તાતા મોટર્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને ભેલનો સમાવેશ થાય છે. શરૂઆતી કારોબારમાં તેજી સાથે શરૂઆત થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય બજારોમાં શુક્રવારના દિવસે તમામ રેકોર્ડ તુટી ગયા હતા.

# ચૂંટણી પ્રતિક સાથે મતદાન મથકે પહોંચતા રાય સામે એફઆઈઆર દાખલ

## વારાણસીમાં કોંગી ઉમેદવાર અજય રાયે નરેન્દ્ર મોદીવાળી કરી : સવારે વારાણસીમાં કુર્તા પર કોંગ્રેસના ચૂંટણી પ્રતિક દેખાતા ભાજપે ફરિયાદ કર્યા બાદ ચૂંટણી પંચે અંતે નોંધ લીધી

વારાણસી, તા.૧૨

વારાણસીમાંથી કોંગ્રેસના ઉમેદવાર અજય રાયની સામે આજે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. અજય રાયે પણ આજે મતદાનના દિવસે કોંગ્રેસના પ્રતિક સાથે મતદાન કરવા પહોંચીને



આચારસંહિતાનો ભંગ કર્યો હતો. અજય રાયે આજે સવારે કોંગ્રેસના ચૂંટણી પ્રતિક પંજા સાથે મતદાન કરવા પહોંચ્યા હતા. તેમના કુર્તા ઉપર કોંગ્રેસના પંજાના સિમ્બોલ રહેતા આની નોંધ લેવામાં આવી હતી. મોડેથી ભાજપે ફરિયાદ પણ કરી હતી. ચૂંટણી પંચે આની નોંધ લઈને તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી. તાજેતરના દિવસોમાં આ પ્રકારના ઘણા વિવાદ થયા છે. ભાજપે આને આચારસંહિતાના ભંગ તરીકે ગણાવીને ફરિયાદ કરી હતી. બીજી બાજુ ચંદોલીમાં અખિલેશ અને મુલાયમના ફોટાવાળા લેપટોપને લઈને પણ વિવાદ થયો હતો. ચૂંટણી પંચે પણ કબૂલાત કરી છે કે, અજય રાયે આચારસંહિતાનો ભંગ કર્યો છે. અજય રાયની સામે એફઆઈઆર દાખલ કરવાના આદેશ આપી દીધા હતા. તેમની સામે કાર્યવાહીની તલવાર તોળાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મતદાન બાદ ભાજપના ચૂંટણી પ્રતિક દર્શાવવા અને મિડિયા સાથે વાતચીતને લઈને મોદીએ હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ આની ફરિયાદ કરી હતી. ચૂંટણી પંચના આદેશ બાદ મોદીની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. વારાણસીમાંથી કોંગ્રેસના ઉમેદવાર અજય રાય આજે સવારે મત આપવા પહોંચ્યા હતા ત્યારે તેમના કુર્તા પર કોંગ્રેસના હાથના નિશાનનો સિમ્બોલ હતો. એટલું જ નહીં તેના ઉપર પ્રતિબંધિત ક્ષેત્રની અંદર મિડિયા સાથે વાતચીતનો પણ આક્ષેપ કરાયો છે. અજય રાયે કહ્યું હતું કે, તેઓ હંમેશા ચૂંટણી પ્રતિક તેમના કુર્તામાં લગાવે છે. તેઓ ઉમેદવાર છે અને પ્રતિક લગાવી શકે છે. મોદીવાળા મામલામાં અજય રાયે કહ્યું હતું કે, પત્રકાર પરિષદ મોદીએ જાણી જોઈને કરી હતી પરંતુ તેઓએ આવું કોઈ કૃત્ય કર્યું નથી. બીજી બાજુ અખિલેશ અને મુલાયમ ફોટાવાળા લેપટોપ પણ વિવાદ થયો છે.

# કેદારનાથની યાત્રા સતત બીજા દિવસે પણ બંધ

## ગુપ્ત કાશી ખાતે ૧૪૪ શ્રદ્ધાળુઓ રોકાયા : યાત્રા રૂટ ઉપર ભારે હિમવર્ષા થઈ ચાર ધામની યાત્રામાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થતાં તંત્ર ચિંતિત

દેહરાદૂન,તા. ૧૨

ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનના કારણે સતત બીજા દિવસે કેદારનાથની યાત્રા બંધ રાખવામાં આવી હતી. કેદાર ખીણના



નિચાણવાળા વિસ્તારોમાં વરસાદ પણ થયો છે. મુખ્યમંત્રી હરિશ રાવતે માહિતી આપતા કહ્યું છે કે, યાત્રાને કામચલાઉ રોકી દેવામાં આવી છે. સુરક્ષાના કારણોસર આ યાત્રા રોકવામાં આવી છે. જ્યા સુધી હવામાન સ્વચ્છ થશે નહીં ત્યાં સુધી આ યાત્રાને આગળ વધવાની મંજુરી આપવામાં આવશે નહીં. નિચાળવાળા વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. સોનપ્રયાગમાં હાલમાં ૨૦૦થી ૨૫૦ શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. ગડવાલ હિમાલયના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે વિનાશકારી પુર અને ભારે વરસાદના કારણે કેદારનાથ અને ચાર ધામની યાત્રાને ભારે નુકસાન થયું હતું. ૫૦૦૦ લોકો માર્યા ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ખરાબ હવામાનના કારણે કેદારનાથ યાત્રાને ગઈકાલે રોકવાની ફરજ પડી હતી. વિશ્વ પ્રસિદ્ધ કેદારનાથ ધામને શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યાના એક સપ્તાહ બાદ યાત્રા ભારે હિમ વર્ષા તથા પ્રદેશમાં ખરાબ હવામાનના કારણે રોકી દેવામાં આવી હતી. ૧૪૪ શ્રદ્ધાળુઓને ગુપ્ત કાશી ખાતે રોકવામાં આવ્યા હતા. ફરી એકવાર ખરાબ હવામાનના કારણે તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. કેદારનાથ અને બદ્રીનાથ મંદિરના દ્વારા શ્રદ્ધાળુઓ માટે ગયા સપ્તાહમાં વરસાદ વચ્ચે ખોલવામાં આવ્યા હતા. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ચાર ધામની યાત્રામાં શ્રદ્ધાળુઓ ઘટ્યા છે. નામ જાહેર નહીં કરવાની શરતે બદ્રીનાથ મંદિર કમિટિના સૂત્રોએ કહ્યું છે કે, આ વર્ષે શ્રદ્ધાળુઓમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થયો છે.

# સમાચાર ઝલક

- કાશી જેવું તીર્થધામ કંબોઇ (મહેસાણા)ની કેનાલ પાસે વારાસણીમાં વસતાં ગુજરાતી સમાજ બનાવશે.
- કોર્પોરેટ બેંકોના આગમન સાથે ભારતીય બેંકિંગ ક્ષેત્રે નવી ક્રાંતિ સર્જાશે.
- ઇન્ટરનેટની જાળમાં લોકો ફસાઇ રહ્યા છે, છેતરપીંડીના કેસોમાં ત્રણ ગણો વધારો.
- મેરઠમાં કોમવાદી હિંસા ભડકી, એક વ્યક્તિનું મોત.
- ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પ્રવેશ નહિ આપે તે શાળાની માન્યતા રદ્દ કરાશે.
- અમદાવાદમાં સગીરે પોતાના ઘરમાંથી ૨૫ તોલા સોનાની ચોરી કરી.
- ફિલ્મ અભિનેતા ઇન્દ્રકુમારની મુશ્કેલીઓ વધી, દુષ્કર્મના કેસમાં પુરાવા વધુ મળ્યા.
- ડીસાના સીબીઆઇની ટીમે ટૂંકા ગાળામાં ૮ યુવતીઓને ભગાડવાના ગુના ઉકેલ્યા.
- ઉત્તરાખંડમાં પ્રવાસી બસ ખીણમાં ખાબકતાં ૧૭નાં મોત, અનેક ગંભીર.
- એક જ દિવસમાં ૫૮,૩૯૮ સંકલ્પ પત્રો પર સહી કરાવી નર્મદા જિલ્લાએ ગ્રીનીસ બુકમાં સ્થાન મેળવ્યું.
- વલસાડ જિલ્લામાં ૧,૧૧,૧૧૧ પોસ્ટકાર્ડ મતદાર જાગૃતિ લખી લીમકા બુકમાં સ્થાન મેળવ્યું.
- અન-નીનોને કારણે વૈશ્વિક હવામાનમાં ૮૦ ટકા વિક્ષેપની શક્યતા.
- ડેરી ફુડ હેલ્થ માટે ખુબ ઉપયોગી છે. અભ્યાસમાં સર્વે.
- ચૂંટણી પરિણામોનાં દિવસે ટીવી પર જાહેરાતો હાઉસફૂલ, ૩૦ કરોડ સુધીનાં નાણાં ખર્ચાયા.
- કાશ્મીરમાં આતંક : મત આપનારને બેફામ ઢોર માર મારી કપડાં ઉતારી લીધાં.
- કેદારનાથમાં બે કલાક સુધી કરાનો વરસાદ વરસ્યો.
- લંડનમાં કોમામાં સરી પડેલી મહિલા લગ્નના દિવસે વાગેલું ગીત સાંભળી જાગી ગઇ.
- સુપ્રીમના ચુકાદાના પગલે નવી ટેકનિકલ કોલેજોનાં મંજુરીઓ વધુ મળશે.
- ભરૂચ હાઇવે પર ટ્રક ચાલકને કેફી પીણું પીવડાવી ૯૯ લાખનો મુદ્દામાલ લુટી લેનારની ધરપકડ.
- હવે દેશના ૫૦ શહેરોમાં પુરો-૪ પેટ્રોલ ડિઝલ મળશે.
- નવી લોકસભામાં સૌથી વધુ ઉમેદવારો ધનવાન હશે.

# મેરઠ કોમી હિંસા : તોફાની તત્વોની શોધખોળ વધુ તીવ્ર

## હવે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં રેપિડ એક્શન ફોર્સના જવાનો તૈનાત : સ્કુલોને ૧૪મી મેના સુધી બંધ રાખવાનો આદેશ

મેરઠ,તા. ૧૧

મેરઠમાં કોમવાદી હિંસા ભડકી ઉઠ્યા બાદ આજે પણ અંજપાભરી સ્થિતી રહી હતી. તમામ જગ્યાએ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. તોફાની તત્વોને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. વિવિધ જગ્યાએ દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે. જો કે શનિવારે હિંસા થઈ ગયા બાદ નવેસરની હિંસાના કોઈ બનાવ બન્યા નથી. મેરઠના જુદા જુદા ભાગોમાં રહેલી સ્થિતી અંગે રાજ્યના મુખ્ય સચિવ અને ડીજીપી દ્વારા વાતચીત કરવામાં આવી છે.ફોટો અને વિડિયોથી ૧૫ તોફાની શખ્સોની ઓળખ થઈ છે.તેમની ધરપકડ કરવા તપાસ ચાલી રહી છે. શનિવારે સંવેદનશીલ તીરગારેન ખાતે હિંસા ભડકી ઉઠી હતી.જેમાં એક વ્યક્તિનુ મોત થયું હતુ અને અન્ય કેટલાક લોકો ઘયાલ થયા હતા. એક મસ્જિદ નજીક પાણીના કિઓસ્કના નિર્માણને લઈને બે સમુદાયના લોકો વચ્ચે અથડામણ થઈ હતી. કોમવાદી હિંસા ભડકી ઉઠ્યા બાદ સવારે જુદા જુદા વિસતારોમાં સ્થિતી વિસ્ફોટક રહી હતી. કોમી હિંસામાં ૫૦ લોકો ઘાયલ થયા હતા.

દરમિયાન પોલીસે હિંસાના સંબંધમાં ૨૦૦ લોકોની સામે કેસો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે શહેરમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મેરઠમાં હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. રેપિડ એક્સન ફોર્સની આઠ કંપનીઓ અને પ્રાંતિય સશસ્ત્ર દળની આઠ કંપનીઓ ગોઠવી દેવામાં આવી છે. કોમી હિંસા દરમિયાન બન્ને પક્ષો વચ્ચે સામસામે જોરદાર પથ્થરમારો થયો હતો. એકબીજા પર ખાનગી ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. બનાવના વિડિયોને નિહાળ્યા બાદ વધુ કેટલાક લોકો સામે પગલા લેવામાં આવે તેવી શક્યતા છે. વધુ કેટલાક લોકોની સામે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટ નવદીપ રિનવા દ્વાર તમામ સ્કુલો બંધ રાખવાનો આદેશ કર્યોછે. તમામ સ્કુલો ૧૩ અને ૧૪મીના દિવસે પણ બંધ રહેશે કારણ કે જાહેર રજા છે.

# સેનાના નવા વડાની નિમણૂક કરવાની સરકારને લીલીઝંડી

## ચૂંટણી પંચે મંજૂરી આપી હેવાનો અહેવાલ : એક અથવા તો બે દિવસમાં સંરક્ષણ મંત્રાલયને નિર્ણયની જાણ કરવામાં આવે તેવી શક્યતા : વિવાદ થવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૧૨

ચૂંટણી પંચે સેનાના નવા વડાની નિમણૂક કરવા મોટની પ્રક્રિયા હાથ ધરવા માટે સરકારને મંજૂરી આપવાનો નિર્ણય કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. પોલ પેનલમાં સુત્રો કહ્યું છે કે એક અથવા તો બે દિવસમાં સંરક્ષણ મંત્રાલયને આ નિર્ણયથી વાકેફ કરવામાં આવે તેવી શક્યતા છે. ૨૭મી માર્ચના તેના આદેશના સંબંધમાં પોલ પેનલ દ્વારા વિચારણા ચાલી રહી છે. એ દિવસે ચૂંટણી પંચે કહ્યું હતું કે નિમણૂક, ટેન્ડરો અને સંરક્ષણ દળોની પ્રાપ્તિને આચારસંહિતા હેઠળ આવરી લેવામાં આવશે નહી. ભાજપે એવી ફરિયાદ કરી હતી કે સરકાર સેનાના નવા વડાની નિમણૂંકના મામલે ઝડપથી આગળ વધી રહી છે. સેનાના નવા વડાની નિમણૂંકના મામલે ભાજપ તરફથી જોરદાર વિરોધ કરવામા આવ્યા બાદ સરકારે આ મામલો ચૂંટણી પંચને સોંપી દીધો હતો અને કહ્યું હતું કે કોઈ પણ નિર્ણય તેની મંજૂરી મળી ગયા બાદ લેવામાં આવસે. ગયા સપ્તાહમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા ચૂંટણી પંચને જાણ કરવામાં આવી હતી. ચૂંટણી પેનલે પહેલાથી જ કહી ચુક્યા છે કે નિમણૂંક, બઢતિ, ટેન્ડરો અને પ્રાપ્તિ આચારસંહિતા હેઠળ નથી. સેનાના નવા વડાની નિમણૂંકને લઈને શરૂઆતતી જ વિવાદ રહ્યો છે. અત્રે નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સેનાના નવા વડાની નિમણૂંકને લઈને ભાજપ અને કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર વચ્ચે જોરદાર ખેંચતાણ રહી છે. નવી સરકાર પહેલા નવા વડાની નિમણૂંક થસે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. ચૂંટણીના પરિણામ ૧૬મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. જેથી નિમણૂંકને લઈને અટકળો છે. જાસુસી કાંડને પ્રશ્ને સરકારને પીછેહટનો સામનો કરવો પડ્યો હતો.